## ઓલ ઈન્ડિયા કોલેજ એન્ડ યુનિવર્સિટી એમ્પ્લોઈઝ ફેડરેશનમાં અજીત ભરવાડની વરણી

મોડાસા, તા.૨

ઓલ ઈન્ડિયા કોલેજ એન્ડ યુનિવર્સિટી એમ્પ્લોઈઝ ફેડરેશનની છત્રપતિ શિવાજી આર્ટસ તોલેજ, સતારા મુકામે વાર્ષિક સામાન્ય સભા મળી હતી જેમાં ગુજરાતના કોલેજના વહીવટી કર્મચારીઓના મંડળ વતી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. કોલેજીસ વહીવટી કર્મચારી મંડળના મહામંત્રી અજીતકુમાર ભરાડ, ખજાનચી મુકશકુમાર દિધે તથા સહમંત્રી નિકેશકુમાર પરમાર હાજર રહ્યા હતા. ઓલ ઈન્ડિયા કોલેજ એન્ડ યુનિવર્સિટી એમ્પ્લોઈઝ ફેડરેશનમાં અજીતકુમાર ભરવાડની મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવ છે. ગુજરાતના વહીવટી કર્મચારીઓની નોંધ લેવામાં આવી હતી અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જેને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. કોલેજીસ વહીવટી કર્મચારી મંડળના પ્રમુખ રામુભાઈ બી. પરમાર તથા સૌ વહીવટી કર્મચારીઓએ અજીતકુમાર ભરવાડને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના આસરોડા ગામમાં યુવકનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના આસરોડા ખાતે આવેલ ખેતરની સીમમાંથી આસરોડાના ૩૫ વર્ષના પરિણીત યુવાનનો વહેલી સવારે મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ મરનાર ભરતસિંહ હિંમતસિંહ કે જેવો પોતાના ઘરેથી રાત્રીના સમયે ભજનમાં જવા નીકળ્યા હતા અને મોડી રાત્રીના સમયે ઘરે પરત ના ફરતા ઘરના સભ્યો દ્વારા રાત્રીના સમયે શોધખોળ હાથ ધરી હતી અને ગામના ચોરે સુધી મૃતક ભરતસિંહ ના મળી આવતા ઘરના સભ્યો થાકીને સુઈ ગયા હતા. જ્યારે વહેલી સવારે ગામના જ નાડીયા રમણભાઈ વેણાભાઈએ મૃતકના ઘરે જાણ કરી હતી કે તમારા ભાઈ તો ગામની સીમમાં સુઈ ગયા છે. ત્યારે ફરિયાદી ડાયાસિંહ પરમાર તેમના કુટુંબીજનો સાથે ત્યાં જતા જોયું તો માથાના ભાગે ઈજા અને મોબાઈલમાંથી સીમકાર્ડ બહાર હતુ અને ત્યાં ભરતસિંહને ઉંચકીને ઘરે લાવ્યા હતા અને પોલીસને જાણ કરતા પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ તેમની ટીમ સાથે દોડી આવી તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પ્રાંતિજ પીએચસી ખાતે પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. ફરીયાદી ડાહ્યાસિંહ હિંમતસિંહ પરમારના ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જ્યારે આ ગામની જ યુવતી સાથે આડા સંબંધ હોયના કારણે કોઈપણ જગ્યાએ બોલાવી કોઈપણ હથિયાર વડે માથાના ભાગે તથા શરીરે ઈજાઓ કરીને ખૂન કરી મૃતદેહને આસરોડા ગામની સીમમાં ખેતર પાસે ફેંકી દીધી હોવાની વાત બહાર આવી છે. પોલીસ તપાસ અને પી.એમ. બાદ ખબર પડે જ્યારે મૃતકના ભાઈ ડાહ્યાસિંહની ફરિયાદના આધારે પોલીસે ખૂનનો ગુનો નોંધી શકમંદોની પુછપરછના ચક્રો તેજ છે.

## મોડાસામાં કાવ્યોત્સવની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨

મોડાસામાં આવેલી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયમાં શબ્દ સેતુ મોડાસા અને સાબર સાહિત્ય સભા દ્વારા લેખન ક્ષેત્રે રમેશ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. સાહિત્ય સભાના કો-ઓર્ડિનેટર કનૈયાલાલ ભટ્ટે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.



તાજેતરમાં કાવ્યોત્સવ અને સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે શબ્દસેતુ સંસ્થાના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથારે સૌ મહાનુભાવોનું સ્વાગત કરતા શબ્દસેતુની પ્રવૃત્તિઓ પુસ્તક પરબ, નિયમિત સર્જક મિલનની ચર્ચા કરી હતી. ડૉ. ધેવતી શુક્લના અધ્યક્ષપદે યોજાયેલા કાર્યક્રમમાં સાહિત્ય અકાદમી દ્વારા નિબંધ ક્ષેત્રે પુરસ્કૃત, અરવિંદ ટાંક, નાટ્યક્ષેત્રે અરવિંદ પંડ્યા, હાસ્ય

આ તબક્કે શબ્દસેતુના સભ્યો કાન્તિલાલ પટેલ, ડૉ. મધુસુદન વ્યાસ, ડૉ. સંતોષ દેવકર, મોતીભાઈ નાયક, ડૉ. જિજ્ઞેશ સુથારનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં કાવ્યોત્સવ દરમિયાન હેમંત વણકર, એ.કે. પટેલ, સલીકા શેખ, માસુમ, મોડાસવી, આફતાબ કુરાનીએ કાવ્યપાઠ કર્યો હતો. શબ્દસેતુના સલાહકાર નિલેશ જોષીએ માર્ગદર્શન આપ્યું હતું. અંતે એ.કે. પટેલે આભારવિધિ કરી હતી.

ફોટો ટૉક.... ■ હિરેન ભટ્ટ



ગાંધીનગરમાં તો ભઈ, મોસમ પણ ભારે મિજાજી છે...! જે માર્ગો પર મૃગજળ રેલાતાં હતાં, તે માર્ગો પર મિનિટોમાં મેઘજળ રેલાતાં થઈ ગયાં...! સમી સાંજે વાતાવરણમાં એકોક પલટો આવી ગયો અને આગ ઓકતા સૂર્યદેવતાને વાદળાંઓએ સૌમ્ય સૂર્યનારાયણ બનાવી દીધા. હવામાં ભીની માટીની ખુશ્બુ પ્રસરી ગઈ અને રક્ષાશક્તિ સર્કલ પર બેઠેલા આ લોખંડી પારેવાં પણ મસ્તીમાં આવી જાય એવો માહોલ સર્જાયો... ધોમધખતા - બળબળતા જીવનમાં એક સાંજ વરસાદી મળી જાય... અને એ પણ આમ અણધારી...! અહા...!!!

# રાજ્યભરમાં વાતાવરણમાં પલટો

### અમદાવાદ શહેરમાં પણ વરસાદી વાદળા રહેવાની શક્યતા : અમદાવાદમાં રવિવારની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો

અમદાવાદ, તા.૨

ગુજરાતના વાતાવરણમાં એકાએક ફરીવાર પલટો આવ્યો છે. કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પણ પડી ગયા છે. પાટનગર ગાંધીનગરમાં વરસાદી ઝાપટા પડ્યા છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ વાતાવરણ વાદળછાયુ રહ્યું છે. બનાસકાંઠામાં વાતાવરણમાં પલટો આવ્યો છે. મોટાભાગના વિસ્તારોમાં આજે આંશિક વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. કાળઝાળ ગરમી વચ્ચે એકાએક વાતાવરણમાં પલટો આવતા તાપમાનમાં ગઈકાલની સરખામણીમાં ઘટાડો થયો હતો અને લોકોને ગરમીથી રાહત મળી હતી. બીજી બાજુ વરસાદી માહોલ પણ રહેતા તાપમાનમાં એકાએક ઘટાડો થયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૧ નોંધાયું હતું.

જ્યારે કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. આગામી દિવસોમાં પણ કાળઝાળ ગરમી અકબંધ રહે તેમ માનવામાં આવે છે. અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. વરસાદી વાદળાની શક્યતા વર્તાઈ રહી છે જેથી તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. શહેરમાં પાણીમાં ગંદકી હોવાની ફરિયાદ પણ ઉઠી રહી છે. ગરમીના પ્રકોપ વચ્ચે આ આંકડો હજુ વધે તેવા એંધાણ છે. દેશભરમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં રહેતા લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. આજે ગરમીનો અનુભવ લોકોએ દિવસ દરમિયાન કર્યો હતો. મોડી સાંજ સુધી એસી અને પંખાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આઈએમડી અમદાવાદના સહયોગથી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે.

તીવ્ર ગરમીના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ હતી. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણીને લઈને લોકો હેરાન પરેશાન થયેલા છે. તમામ જગ્યાઓ ઉપર રહેતા લોકો બપોરના ગાળામાં ગરમીના પ્રકોપનો અનુભવ કર્યો હતો. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા આગોતરી તૈયાર કરવામાં આવી હતી. અમદાવાદના મેયરના નેતૃત્વમાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કામ કરતી એનજીઓ સામાજીક સંસ્થાઓ સાથે મીંટીંગ યોજવામાં આવી રહી છે. આ સંસ્થાઓનાં સહકારથી અમદાવાદનાં જુદા જુદા વિસ્તારોમાં કુલ ૪૭૫ જેટલી પાણીની પરબો કાર્યરત કરવામાં આવી છે. તેમજ વધુને વધુ સંસ્થાઓને આવરી લઈ મહત્તમ પરબો ચાલુ થાય તે માટેની કામગીરી ચાલુ છે. કોર્પોરેશન દ્વારા લિંકવર્કરો અને મલ્ટી પરપઝ વર્કરો મારફતે તમામ હાઈરિસ્ક વિસ્તારોમાં જનજાગૃત્તિ માટે પત્રિકા વિતરણની કામગીરી કરવામાં આવી રહી છે. અમદાવાદ શહેર અને રાજ્યના જુદા જુદા ભાગોમાં ગરમીથી બચવા માટે લોકો જુદા જુદા પ્રયોગો કરી રહ્યા છે. ગરમીના પ્રકોપના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગુજરાતમાં હજુ પણ તીવ્ર ગરમીથી લોકોને રાહત મળશે નહીં અને પારો હજુ પણ વધી શકે છે.



## આદિવાસી ક્ષેત્રોમાં પીવાના પાણીના પ્રશ્ન સંદર્ભે બેઠક

૨ મે, ૨૦૧૬ના રોજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવાના અધ્યક્ષપણા હેઠળ ગુજરાતના આદિવાસી વિસ્તારોના પીવાના પાણીના પ્રશ્ને અંગે ચર્ચા વિચારણા કરવા સારુ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા નર્મદા અને જળસંપતિ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક આયોજીત થઈ હતી. આ બેઠકમાં ગુજરાતમાં આ વર્ષે પાણીની અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આદિજાતીની જિલ્લાઓમાં હાથ ધરવાના પગલાં અંગેનું આયોજન કરવા વિવિધ મૂદ્દાઓ પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં કરજણ જળાશય પર આધારિત નાંદોદ તાલુકાની જુથ પાણી પુરવઠા યોજના, કાકરાપાર જુથ પાણી પુરવઠા યોજનામાં માંગરોળ અને ઉમરપાડા તાલુકાનો સમાવેશ થવા બાબતે તથા દાહોદ, તાપી, છોટા ઉદેપુર અને વલસાડ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા ઉકેલવા અંગેના આયોજનની વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી.

## અતિ મહત્વનો ચુકાદો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેસમાં ૬મેના રોજ સુનાવણી દરમિયાન જામીન મળી શકે છે. જો બધું એ મુજબ જ થયું તો હાર્દિક પટેલ તારીખ ૭મી મેથી જેલની બહાર આવી જશે. ગત તારીખ ૧૮ ઓક્ટોબર, ૨૦૧૫થી તે જેલની અંદર છે. છેલ્લા દસ મહિનાથી ગુજરાતમાં ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલનનો ઉકેલ આવી રહ્યો હોય એમ બન્ને પક્ષો માની રહ્યા છે. જેમાં રાજય સરકારે પાટીદાર સહિત સવર્ણોને ૧૦ટકા આર્થિક અનામત આપવાનો નિર્ણય લીધો છે. જ્યારે જેલમાં બંધ પાટીદારોને છોડવા માટે રાજય સરકારે બાંહેધરી આપી છે. જેના ભાગરૂપે હાર્દિકના અન્ય પાંચ સાથીદારો જેલમાંથી મુક્ત થઈ ગયા છે. રાજય સરકારની મુદ્દે હકારાત્મક વલણ અપનાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આવતીકાલે હાર્દિક પટેલને રાજદ્રોહના કેસમાં જામીન મળશે તો તેને અમદાવાદ અથવા મહેસાણની જેલમાં ખસેડવામાં આવશે અને છઠ્ઠી તારીખે વિસનગર કોર્ટમાંથી જામીન મળે તો તેનો જેલમાંથી છુટકારો થશે.

## કલર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ મામલે જવાબદાર પાસેથી દંડ વસુલવા માટે પણ તંત્ર દ્વારા ટુંકમાં જ પગલા લેવાશે તેમ પણ જણાંવાયુ છે. વર્ષોથી કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવાનુ તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યુ છે. જે અન્વયે સેકટરના રીંગ રોડ પર સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જો કે હાલ પુરતી આ કામગીરી બંધ કરી દેવામાં આવી છે. આગામી ચોમાસા બાદ બાકી રહેતા સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવામાં આવશે. તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના પોલ્સ પર જાહેરખબરના પેમ્ફલેટ ચિપકાવી જાહેરાત કરવાની હરકત બદલ પણ દંડ વસુલી કરી આ વૃતિને ત્વરિત ડામવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ખર્ચ રજૂ કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતો સાથેનો રિપોર્ટ ચૂંટણી અધિકારીઓને કરવામાં આવ્યો હતો. ૨જી મે ના રોજ ત્રીજા તબક્કાનો હિસાબ રજુ કરવાનો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જે હિસાબો રજુ થયા છે તેમાં ઉમેદવારોએ રૂ. એક લાખથી લઈ રૂ. ૧.૭૫ લાખનો હિસાબ બતાવ્યો છે. એક-બે ઉમેદવારોએ તો ખર્ચનો હિસાબ રૂ. ૬૦ થી ૭૦ હજારનો જ દર્શાવ્યો છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર દ્વારા રૂ. ૪ લાખના ખર્ચની મહત્તમ મર્યાદા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે. તા. ૩જી મે દરમ્યાન કેટલા ઉમેદવારો હિસાબ રજુ કરવામાં નિષ્ફળ જાય છે તેનો વિગતવાર અહેવાલ ચૂંટણી અધિકારીને મોકલી આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ચૂંટણી સંપન્ન થઈ ગયા બાદ એક માસમાં પોતાના હિસાબો ઉમેદવારોએ રજુ કરી દેવાના હોય છે.

## સ્લેબમાં ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે.ત્યારે હાલ સરકારી કર્મચારીઓ જયા વસવાટ કરે છે. તે સરકારી મકાનો પણ સલામત સ્થિતિમાં ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં અનેકવાર મકાનોની છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. જયારે અત્યારસુધીમાં રહીશોને ઈજા થઈ હોવાના કીસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. શહેરના સે-૨૧ ના ચ ટાઈપ વિસ્તારમાં સ્થિત બ્લોક નં-૧૧૦ માં બીજા માળે મકાનો સ્લેબ ધડાકાભેર તુડી પડ્યો હતો. જેના લીધે રહીશો ગભરાઈ ગયા હતા. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. મકાનની છત ભયજનક હાલતમાં હોવાના મામલે રહીશો દ્વારા અગાઉ પણ સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં ફરિયાદ કરવામાં આવી હતી જયારે સમારકામના અંતે પણ આ ઘટના બની હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સે-૨૧ માં આ મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવા માટે પણ લાંબા સમયથી માંગ ઉઠવા પામી છે.ત્યારે સેકટરોમાં હજુ પણ ઘણાંખરા મકાનો આવી ભયજનક સ્થિતિમાં છે. સુત્રોના જણાંવ્યા અનુસાર આ મકાનના રહીશોને અન્ય ખેસડી તાત્કાલિક અસરથી મકાનનુ રીનોવેશન હાથ ધરવામાં આવશે. બીજીતરફ શહેરમાં સ્થિત સરકારી આવાસોની હાલત કંગાળ હોવાછતા મજબુતીકરણની કામગીરીમાં ઝડપ કરવામાં આવતી નથી. જયારે બાકી રહેતા મકાનોને પણ ત્વરિત અસરથી રીનોવેશન હેઠળ આવરી લેવા માંગ ઉઠવા પામી છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

સારા શિક્ષણ માટે છૂટાછેડામાં જોગવાઈ હોવી જોઈએ જેથી મુસ્લીમ મહિલા અને બાળકો પોતાને સલામત માની શકે મુસ્લીમ મહિલાને સતત અને સતત પીડાતો ભય એ મૌખીક છૂટાછેડાનો જ હોય છે જો કાયદા દ્વારા મુસ્લીમ મહિલાઓને સુરક્ષીત કરવામાં નહી આવે તો રૂઢીચુસ્ત સમાજ જેમ વર્ષોથી મુસ્લીમ સ્ત્રીઓનું ધાર્મિક રૂઢીચુસ્તતાના નામે શોષણ કરતો આવ્યો છે તેમ અચૂક કરશે. સુધારાવાદી મુસ્લીમ સંગઠનોએ મુસ્લીમ પર્સનલ લો બોર્ડનો વિરોધ કરી તેને વિખેરી નાખી દેશમાં સમાન સીવીલ કોડને અપનાવવું જોઈએ જો કે કોર્ટમાં અરજી થતા કોર્ટ દ્વારા મુસ્લીમ હોય કે અન્ય જાતીની સ્ત્રી ધાર્મિકતાના ન્યાયે નહી પણ બંધારણની જોગવાઈ મુજબ જ ન્યાય તોળવામાં આવે છે.

## કંપની સમાચાર

### શું તમે અસ્થમા સામે જંગ જીતી શકો છો ?

#### આ વિશ્વ અસ્થમા દિવસ પર ચાલો અસ્થમા સામે જીતની ઉજવણી કરીએ

આપણે અસ્થમા વિશે વિચારીએ ત્યારે છીંક કે શ્વાસ લેતાં છાતીમાં સસણી બોલાતી હોય અને રીતસર બીમાર હોય તેવા લોકો આંખો સામે તરી આવે છે. જોકે શું દરેક વખતે સ્થિતિ આવી હોય છે ? મોટે ભાગે આપણે આ રોગની કડવી વાસ્તવિકતાથી દૂર ભાગવાનો પ્રયાસ કરીએ છીએ અને તેની અવગણના કરીએ છીએ, જેને લીધે સ્થિતિ વધુ ખરાબ થાય છે. જો અસ્થમાનું નિદાન થાય તો મોટે ભાગે માન્યતા પ્રવર્તે છે તેમ દુનિયાનો અંત એવો અર્થ થતો નથી. આશ્ચર્યજનક રીતે તેની માવજત કરી શકાય છે અને તેને આસાનીથી નિયંત્રણમાં પણ લઈ શકાય છે. જો યોગ્ય ઉપચાર લેવાય તો પરિવાર અને મિત્રો સાથે રોજની પ્રવૃત્તિ કરવાનું મુશ્કેલ કે પડકારજનક પણ નથી. ખરા અર્થમાં અસ્થમા સામે લોકો જીતી શકે છે. આ વર્ષ વિશ્વ અસ્થમા દિવસ પર આપણે તે વિજેતાઓના જોશને ઉજવવાનો છે જેમણે અસ્થમા અને તેની સાથે સંકળાયેલી ખોટી માન્યતા સામે જીત પ્રાપ્ત કરી છે. આ રોગ વિશે જાગૃતિ, તેનો સ્વીકાર અને યોગ્ય ઉપચારનું વળગી રહેવામાં આવે તો અસ્થમા સામે આસાનીથી જીતી શકાય છે. આજે આપણે આવા વિજેતાઓ પાસેથી જ અસ્થમા સામે જીતમાં ચાવીરૂપ ઈનહેલેશન થેરપી મારફત તે કઈ રીતે શક્ય બન્યું એ વિશે જાણીશું.

લક્ષણ મુક્ત એટલે અસ્થમા મુક્ત નથી. અસ્થમાની માવજતમાં આ સૌથી મોટો પડકાર બની રહ્યો છે. ઘણા કિસ્સામાં એવું જોવા મળે છે કે લક્ષણો દેખાવાનું બંધ થાય એટલે લોકો દવા લેવાનું બંધ કરી દે છે. મુખ્યત્વે દવાના વધુ ખર્ચને લીધે લોકો આવું કરતા હોઈ શકે છે. બદનસીબે આને કારણે રોગ વધી શકે છે અને લક્ષણો કોઈ પણ સમયે ફરી દેખાવાની શક્યતા રહે છે.

## પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ચોથીએ ખુલશે

પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડે (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'') પોતાના રૂ. ૧૦ની મૂળ કિંમત (''ઈક્વિટી શેર'') ધરાવતા અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૨૦ થી રૂ. ૨૨૭ (ઈક્વિટી શેર દીઠ શેર પ્રીમિયમ સહિત) સુધીનો પ્રાઈસ બેન્ડ ધરાવતા ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો ચોથી મે, ૨૦૧૬ના રોજ પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂમાં ૩,૦૦૦ મિલિયન (''ફ્રેશ ઈશ્યૂ'')નું પ્રતિનિધિત્વ કરતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ૧૪,૨૮૬,૪૪૯ ઈક્વિટી શેર સહિત ૨૦,૫૭૨,૫૭૩ સુધીની ઓફર ફોર સેલ; અન્ય વેચાણકર્તા શેરહોલ્ડર્સ દ્વારા ૬,૨૮૬,૧૨૪ ઈક્વિટી શેર (''ઓફર ફોર સેલ'' અને ઓફર ફોર સેલ તથા ફ્રેશ ઈશ્યૂનો સંયુક્ત પણે ''ઈશ્યૂ'' ઉલ્લેખ કરવામાં આવશે)નો સમાવેશ થાય છે. આ ઈશ્યૂ પાત્રતા ધરાવતા કર્મચારીઓના સબસ્ક્રિપ્શન માટે ૩૦૦,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન (''એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન'') પણ ધરાવે છે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન સિવાયના ઈશ્યૂનો અહીં નેટ ઈશ્યૂ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મનીમમ બિડ લોટ ૬૫ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૬૫ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. ધી સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના સુધારા-વધારા સાથેના (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) નિયમો, ૨૦૦૯ (''સેબી રેગ્યુલેશન્સ'') અનુસાર કંપની અને તેના સેલિંગ શેરહોલ્ડર્સ બૂક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'')ના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે. આ બિડ/ઓફર શુક્રવાર, ૬ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે.